BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

<u>પરિપત્ર</u>

વિષય : "ઇન્ટીગ્રેટેડ પર્સનાલીટી ડેવલોપમેન્ટ કોર્ષ" માટે કો-ઓર્ડીનેટર અને લેકચરરની નિમણુક કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી-જુનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને જણાવવાનું કે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યુવાનોમાં મુલ્યો અને નીતીશાસ્ત્રને સ્થાપિત કરવા માટે **"ઇન્ટીગ્રેટેડ પર્સનાલીટી ડેવલોપમેન્ટ કોર્ષ"** શરુ કરવામાં આવેલ છે. જે બે મોડ્યુલમાં છે IPDC-1 (સેમેસ્ટર-3 માટે)અને IPDC-2 (સેમેસ્ટર-૪ માટે). અત્રેની યુનિવર્સીટી સંલગ્ન તમામ સરકારી, બિનઅનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આ બંને કોર્ષ એડ-ઓન કોર્ષ તરીકે સેમેસ્ટર-3 & ૪ માં અભ્યાસ કરાવી શકે છે. તેમજ કોઈપણ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ આ બંને કોર્ષ સેમેસ્ટર-3 & ૪ માં અભ્યાસ કરી શકે છે જેને અત્રેની યુનિવર્સીટી દ્વારા ક્રેડીટ સ્કોર સાથેનું અલગથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

કોલેજ દ્વારા IPDC નાં એક કો-ઓર્ડીનેટર તેમજ એક અથવા એક કરતા વધુ ફેકલ્ટીની નિમણુક કરવાની રહેશે. ફેકલ્ટી તરીકે નિમણુક આપનાર અધ્યાપકની લાયકાત માન્ય યુનિવર્સીટી દ્વારા મેળવેલ સ્નાતક કક્ષાની ડીગ્રી તેમજ વિદ્યાર્થીઓના જીવનમાં મુલ્યોને આત્મસાત કરાવવામા પુરતો રસ ધરાવતા હોવા જોઇએ. કોર્ષનાં કો-ઓર્ડીનેટરને વ્યાખ્યાતા તરીકે નિમણુક આપી શકાશે. કોર્ષની અસરકારકતા તેમજ વિદ્યાર્થીઓ સાથે જરૂરી ક્રિયાપ્રતિક્રિયા માટે એક બેન્ચની ઇન્ટેક મહત્તમ ૬૦ (સાઇઠ) હોવી જોઈએ. બંને અભ્યાસક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીઓ એડ્-ઓન કોર્ષ તરીકે કુલ ચાર ક્રેડીટ મેળવશે (દરેક કોર્સ માટે બે) તરીકે ચાર ક્રેડિટ મેળવશે. IPDC ઓફર કરતી કૉલેજ/ભવન પાસે પ્રોજેક્ટર, લેપટોપ/કમ્પ્યુટર, ઈન્ટરનેટ કનેક્શન અને બેઝિક ઑડિયો વિઝ્યુઅલ સેટઅપ હોવું જોઈએ કારણ કે આ વસ્તુઓ આ કોર્સના સકારાત્મક પરિણામ માટે પ્રાથમિક આવશ્યકતા છે. કોર્સ બિલકુલ ફ્રી છે પરંતુ વિદ્યાર્થી દીઠ રૂ. ૧૫૦/- (એકસો પચાસ) યુનિવર્સિટીને પરીક્ષા ફી તરીકે ચૂકવવાના રહેશે. વિદ્યાર્થીઓએ રૂ. ૨૦૦/-નું પુસ્તક ખરીદવું પડશે. અભ્યાસક્રમની સામગ્રી ૩૦ કલાકની થિયરી (બે કલાક/અઠવાડિયા) અને ૧૦ કલાક પ્રેક્ટિકલ હશે.

અત્રેની યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે IPDC નાં કો-ઓર્ડીનેટર તેમજ એક અથવા એક કરતા વધુ ફેકલ્ટીની નિમણુક કરી અત્રેની યુનિવર્સીટીના એકેડેમિક

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ - ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ - ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh

વિભાગના મેઈલ academicbknmu@gmail.com પર ૧૦ જુન, ૨૦૨૨ પહેલા મેઈલ કરવા જણાવવામાં આવે છે. કોર્સની અસરકારકતા માટે તમામ નિમણૂક પામેલા કો-ઓર્ડીનેટર તેમજ અધ્યાપક માટે તા. ૧૯ જુન, ૨૦૨૨ નાં રોજ અત્રેની યુનિવર્સીટી ખાતે એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.

કા. કુલસચિવ

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/૬૫૦ /૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ
તા. ૨૭/૦૫/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ

**નકલ સાદર રવાના :**

માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગતસચિવશ્રી

નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :

આઈ.ટી. સેલ (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે)